રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી સમયે વિધવા ઉમેદવારોને લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૮/૧૧૫/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬/૦૨/૨૦૨૦.

***વંચાણે લીધા:-***

(૧) સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૨/૦૫/૧૯૯૭નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

(૨) સામાન્ય વહિવટ વિભાગનો તા.૩૧/૦૮/૨૦૦૪નો પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ.૨.

(૩) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

(૪) શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૨/બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-જી.

***આમુખ:***

સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવથી રાજ્ય સરકારની નોકરીમાં મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઠરાવના મુદ્દા નં(૮)માં વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાના સિદ્ધાંતો નિયત કરવામાં આવેલ છે. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૩૧/૦૮/૨૦૦૪ના પરિપત્રથી વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાના સિદ્ધાંતોમાં સુધારો કરવામાં આવેલ છે. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના ઠરાવથી વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાના સિદ્ધાંતો બાબતે સ્પષ્ટતા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાથી શિક્ષકોની કેન્દ્રિયકૃત રીતે ભરતી કરવામાં આવે છે. રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીમાં વિધવા મહિલા ઉમેદવારોને પસંદગી માટે તક મળી રહે તે માટે જરૂરી જોગવાઈ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

***ઠરાવ:-***

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી સમયે વિધવા મહિલા ઉમેદવારોને ૦૫% ગુણનો લાભ આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ માટે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીમાં વિધવા મહિલા ઉમેદવારોને શિક્ષક અભિયોગ્યતા કસોટી-TAT(Teachers Aptitude Test) પરીક્ષામાં મેળવેલ ગુણના ૭૦% ગુણ તથા તેની શૈક્ષણિક લાયકાતમાં મેળવેલ ગુણના ૩૦% ગુણના આધારે

તૈયાર થનાર આખરી મેરીટમાં વિધવા મહિલા ઉમેદવારને તેણીએ મેળવેલ ગુણના કુલ ૫%(પાંચ ટકા) ગુણ આપવાના રહેશે.

આ લાભ માત્ર એવી વિધવા મહિલા ઉમેદવારોને મળવાપાત્ર થશે કે, જેમણે ભરતી તથા નિમણૂંક સમયે પુન:લગ્ન ન કરેલ હોય.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૬/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(ટી.એસ.પટેલ)
ઉપ સચિવ(મા.શિ)
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ,
- સિલેક્ટ ફાઈલ.